ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૬/૨૦-૨૧/ 4281 તારીખ : 15 DEC 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૬/૨૦-૨૧

પ્રતિ,
**સવિતાબેન પી. રાંક,**
બસ સ્ટેન્ડ પાછળ, ''મુરલીધર'',
વૈશાલી સોસાયટી,
**મું. ધ્રાંગધ્રા – ૩૬૩ ૩૧૦.**
**મો.નં.**

**વિષય : ગ્રાહક તરીકેના હકકોનું રક્ષણ થવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૩/૦૯/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૦૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૦-૨૧/૩૩૮૬ તા.૨૯/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૦-૨૧/૪૦૭૭ તા.૨૬/૧૧/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૫/૧૨/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૬/૨૦–૨૧** ☜

વાદી :– **સવિતાબેન પી.રાંક,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◆ **રજુઆતની તારીખઃ– ૦૫/૧૨/૨૦૨૦** ◆

હાજર રહયા :– **શ્રી હિતેન્દ્રભાઈ સી.વાનાણી** – ( વાદી ના અધિકૃત પ્રતિનિધિ )

પ્રતિવાદી :– **શ્રી જી.સી.વડગાસીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

સવિતાબેન પી.રાંક, મું.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર ની ગ્રાહક તરીકેના હકકોનું રક્ષણ થવા અંગેની રજૂઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૬/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૬/૨૦–૨૧/૩૩૮૬ તા.૨૯/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૫/૧૨/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદીશ્રી સવિતાબેન પી.રાંક વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી હિતેન્દ્રભાઈ સી.વાનાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જી.સી.વડગાસીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

અમોએ અમારા બાગાયતી ફળ ઝાડ ના ઉછેર માટે નું ફાર્મ સુરેન્દ્રનગર જીલ્લાના મોજે ગામ ધ્રાંગધ્રા ના રે.સ.નં – ૧૫૫૭ પૈકી ૫૬ વાળી જમીનમાં જયારે થ્રી ફેઈઝ કનેકશન અને સીંગલ ફેઈઝ કનેકશન જે તે સમયે ૧૦૦ % રકમ ભરીને લીધેલ હતું. તેના પુરાવા પણ આ સાથે સામેલ રાખેલ છે.

અમારી રજૂઆત અને અમોને પડતી તકલીફોની અનેક વખત રૂબરૂ લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં,અમારી રજૂઆતો પ્રત્યે આપ સાહેબના તાબા હેઠળની ધ્રાંગધ્રા શહેર પીજીવીસીએલ કચેરી તરફથી કોઈ ધ્યાન આપવામાં આવતું નથી તેથી અસંતોષ થતાં, અમોને આપ સાહેબને રૂબરૂ લેખિત ફરીયાદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

અમારી મુખ્યત્વે ફરીયાદ ના મુદાઓ નીચે મુજબ રજૂ રાખીએ છીએ. જે પ્રત્યે યોગ્ય હુકમ થવા નમ્ર અરજ છે.

૧.૧ ક્વોટેશન નં–૦૦૮૨૫ તા.૦૫/૧૦/૧૯૮૩, રસીદ નં–૧૫૦૭ તા.૦૬/૧૦/૧૯૮૩ થી રકમ રૂ.૮૫૨૦/૯૫ જે થ્રી ફેઇઝ કનેકશન મેળવવા માટે રકમ ભરેલ હતી.

૧.૨ ક્વોટેશન નં–૦૫૧૩૭ તા.૦૨/૧૧/૧૯૮૩ રસીદ નં–૨૨૧૭૭ તા.૦૩/૧૧/૧૯૮૩ થી રકમ રૂ.૧૧૦૧/– જે સીગલ ફેઈઝ કનેકશન મેળવવા માટે રકમ ભરેલ હતી.

૧.૩ સદરહું બન્ને કનેકશનો જયારે અમોને આપવામાં આવેલા ત્યારે, અમોને વિજ પુરવઠો નિયમીત મળતો હતો. હાલમાં, સરકારશ્રી ના પ્રવર્તમાન નિયમોનુસાર ખેતીવાડી વિજ જોડાણ રૂરલ(ગ્રામ્ય વિસ્તાર) ના સોલડી ગામના ખોડીયાર ફીડર ગ્રુપમાં ફેરવવામાં આવેલ. આ જોડાણ રૂરલમાં ફેરવતા પહેલા અમારા ૧૦૦% ભરેલ રકમ પદરના ખર્ચ કરીને વિજ જોડાણ આપેલ. તેથી વિજ પોલ અને વિજ પોલ ઉપર ખેંચવામાં આવેલા કેબલો, વાયરો વિગેરે થ્રી ફેઈઝ અને સીંગલ ફેઈઝ ના વાયરો, તાણીયા, અર્થીંગ વાયરો, વિગેરેનો ખર્ચ અમારા પાસેથી વસુલ કરેલ છે. તેમ છતાં, અમારી સંમતિ લીધા વગર કે અમોને જાણ કે નોટીસ કર્યા વગર જી.ઈ.બી.(પીજીવીસીએલ) એ ઉતારી લઈને પોતાને હવાલે લઈ લીધેલ છે. આ રીતે પોતાના પદરના ખર્ચ વાળા કનેકશન ની પહોંચો ઉપર પણ જે તે વખતના અધિકારીએ નોન–રીફંડેબલ નો શેરો મારી આપેલ છે. જો અમારી પાવતી ઉપર આવો શેરો લાગ્યો ન હોત તો, અમોને નિયમ મુજબ ભરેલ રકમ ઉપર વ્યાજ પણ મળવાપાત્ર હતું. તેથી, અમોને ૧૦૦% રકમ ભરાવી કાયમી ૨૪ કલાકના પાવર સપ્લાય મનસ્વી રીતે બંધ કરી, અમારી માલીકી ની લાઈનો, વાયરો, એંગલ, ગરગડી, તાણીયા, પોલ દીઠના અર્થીંગ વાયરો, પીજીવીસીએલ(જી.ઈ.બી) એ પોતાને કબજે લઈ, અમોને મળતી સુવિધા બંધ કરી બંધારણની જોગવાઈઓ મુજબ ના અમને મળતા, બંધારણીય અધિકારો છીનવી લેવાનું અને દુવિધા ઉભી કરી અમોને નાણાંમાં ન આંકી શકાય તેવા મુલ્ય નું નુકશાન થઈ રહયું છે, અનિયમિત વિજ પુરવઠો મળી રહયો છે. પૂરા આઠ કલાક પણ અમોને પુરવઠો મળતો નથી. તેથી, અમારા બાગમાં દિવસે ને દિવસે એક એક ફળ ઝાડ ઉભું સુકાવાના કારણે, આજે ત્રણ થી ચાર વિઘાના ચીકુના ઝાડ બળી ગયેલ છે અને પટ બની ગયેલ છે. તેમજ અમારા ફાર્મના છેડા સુધી પાણી પહોંચી શકતું નથી.

જયારે, લાઈન ચાલુ હોય ત્યારે, અમોને વિજ પુરવઠો મળતો ન હોય, ત્યારે અમોએ અનેક વખત ટેલીફોનીક જાણ કરેલ છે કે, અત્યારે તમારા ફીડરમાં વિજ પ્રવાહ ચાલુ છે, પણ અમોને પુરતા વોલ્ટેજ મળતા નથી. તમો ચેક કરવા આવો, પણ સ્થાનીક કચેરીએ કયારેય ચેક કરવા આવવાની તસ્દી લીધેલ નથી. અમોએ અમારા પાવર સંબંધિત, મોટર સંબંધિત, બોરવેલ ના પંપ સંબંધિત, એટલે કે અમારા પ્રીમાઈસીસ ના અંદરના ભાગના ઉપકરણો મોટર, પંપ, કેબલ, સ્ટાર્ટર, ફયુઝ, અર્થીંગ વિગેરે જાણકાર ટેકનીશ્યન પાસે ચેક પણ કરાવી લીધેલ છે. પરંતુ, અમોને વિજ પુરવઠો નિયમીત અને કાયદેસરનો મળતો ન હોય, આ ફરીયાદ અરજી કરવાની ના છૂટકે ફરજ પડેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ સીટી એરીયામાં આવેલ અમારો આ સર્વે નંબર ઉપર ના વિજ જોડાણ ને સોલડી ગામના ખોડીયાર ફીડર ગ્રુપમાં ફેરવવામાં આવેલ. આ જોડાણ રૂરલમાં ફેરવતા અમારૂં કનેકશન છેલ્લું કનેકશન હોય, અમોને નિયમિત આઠ કલાક નો પણ પાવર સપ્લાય મળતો નથી.

૧.૫ અમારૂં સીંગલ ફેઈઝ કનેકશન પણ કોઈપણ જાતના જાણ વગર મનસ્વી રીતે ઉતારી લીધા બાદ, આજદિન સુધી કોઈ જોડાણ આપેલ નથી. અમારી રજૂઆત સ્થાનીક ઓફીસે વારંવાર કરતા, અમોને હાલમાં નવા કનેકશન ના જોડાણનું અરજી ફોર્મ પકડાવી દીધેલ છે, અને નવું કનેકશન નવી ડિપોઝીટ ભરી લેવા જણાવવામાં આવેલ છે. અમોએ અગાઉ અમારા પદરના ખર્ચથી બન્ને કનેકશનો લીધેલ હોય તેનું શું ? શા માટે અમારે સીંગલ ફેઈઝ ની નવી અરજી કરવી જોઈએ ? ભરેલ ડિપોઝીટ નું શું ?

સદરહું કનેકશનો માં અમો કયારેય લોડ કન્ઝમ્પ્શનમાં, બાકી બિલોમાં, ચેકીંગ દરમ્યાન ની ગેરરીતીમાં, વિજ ચોરી વિગેરે કોઈ ઈશ્યુ ભૂતકાળમાં કયારેય બનેલ જ નથી. તો પછી, અમોને આવો અન્યાય શા માટે કરવામાં આવી રહયો છે તે સમજાતું નથી.

૧.૬ જો અમોને સીંગલ ફેઈઝ અને થ્રી ફેઈઝ નો ચોવીસ કલાક ના પાવર બદલે આઠ કલાકનો પાવર આપવો હોય તો, આપના તાબા હેઠળ ની કચેરી કરાર ભંગ કરી રહી હોય, અમારા પહોંચ ઉપરનો નોન રીફંડેબલ નો શેરો હટાવી અમો ભરેલ ડિપોઝીટ ઉપર વ્યાજ આપવાનો તથા અમારૂં સીંગલ ફેઈઝ કનેકશન ચાલુ કરવાનો હુકમ કરવા અમારી વિનંતી છે.

અરજી તળે અમારી પ્રાર્થના છે કે,

૧. અમોને થ્રી ફેઈઝ નો ચોવીસ કલાક ના પાવર બદલે આઠ કલાક નો પાવર આપવો હોય તો આપના તાબા હેઠળની કચેરી કરાર ભંગ કરી રહી હોય, અમારા પહોંચ ઉપરનો નોન રીફંડેબલ નો શેરો હટાવી અમો ભરેલ ડિપોઝીટ ઉપર વ્યાજ આપવાનો હુકમ કરવા અમારી અરજ છે.

૨. અમારૂં સીંગલ ફેઈઝ કનેકશન ચાલુ કરવાનો હુકમ કરવા અમારી અરજ છે.

૩. જો આઠ કલાકનો પાવર જ આપવાનો થતો હોય તો, અમોને નિયમીત અને પૂરા વોલ્ટેજ સાથેનો પાવર મળી રહે તેવી વ્યવસ્થા કરવા સ્થાનીક કચેરીને આદેશ આપવા અરજ છે.

૪. ભારતીય બંધારણ ની વિવિધ આર્ટીકલ્સ અને નિયમો તથા પેટા કલમો મુજબ અમારા ગ્રાહક તરીકે ના હિતો અને અધિકારો નું રક્ષણ થવા યોગ્ય હુકમો કરવા આપ સાહેબ ને અમારી નમ્ર અરજ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ગ્રાહક નં–૨૪૯૦૧/૦૧૧૯૮/૭ થી સવિતાબેન પૂનમચંદ રાંક નામનું ખેતીવાડી વિજ જોડાણ તા.૨૩/૦૫/૧૯૯૪ થી રીલીઝ કરવામાં આવેલ છે. જેનો કનેકટેડ લોડ ૧૦ હોર્સ પાવર અને એ–૧ કેટેગરી ધરાવે છે. જેનું બિલીગ સાયકલ–૦૬ માં બાય–મંથલી એસેસમેન્ટ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૨ સવિતાબેન પૂનમચંદ રાંક નામનું ખેતીવાડી વિજ જોડાણમાં પહેલા ૨૨ કે.વી.સોલડી એ.જી. ફીડરમાંથી પાવર સપ્લાય આપવામાં આવતો હતો. સદર ૨૨ કે.વી. સોલડી એ.જી.ફીડરમાંથી એપ્રિલ–૨૦૧૧ માં ૧૧ કે.વી.ખોડીયાર ખેતીવાડી ફીડર કરવામાં આવેલ છે અને તેમાં નિયમ અનુસાર આઠ કલાક પૂરતો પાવર સપ્લાય આપવામાં આવે છે. આ ફીડરમાં ફીડર ફોલ્ટ કે આકસ્મીક ખામી હોય ત્યારે, વિજ પુરવઠો જેટલા સમય માટે બંધ હોય, તેટલા સમયનો પાવર સપ્લાય શીડયુલ મુજબ આપવામાં આવે છે.

૨.૩ અરજદારશ્રી ની માંગણી મુજબ સીકયોરીટી ડિપોઝીટ ની રસીદમાં નોન રીફંડેબલ નો શેરો મારેલ છે. પરંતુ, આ માટે ધ્રાંગધ્રા શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી ને સીકયોરીટી ડિપોઝીટ ની રકમ ભરપાઈ કરેલ અસલ રસીદ રજૂ કરવા વારંવાર જણાવેલ. જેથી, તે રસીદ અંગે નિયમાનુસાર જે કાંઈ આગળની કાર્યવાહી કરવાની થાય તે નિયમ મુજબ કરી શકાય. પરંતુ, અરજદાર શ્રી દ્વારા આજદિન સુધી સદર અસલ રસીદ રજૂ કરવામાં આવેલ નથી.

૨.૪ અરજદાર શ્રી ની માંગણી મુજબ સવિતાબેન પૂનમચંદ રાંક નામનું સીંગલ ફેઈઝ કનેકશન રદ કરેલ છે. પરંતુ, ધ્રાંગધ્રા શહેર પેટા વિભાગીય કચેરીના રેકર્ડની ચકાસણી કરતાં, સવિતાબેન પૂનમચંદ રાંક નામનું સીંગલ ફેઈઝ કનેકશન રદ કરેલ નથી કે, સવિતાબેન પૂનમચંદ રાંક નામનું સીગલ ફેઈઝ કનેકશન હાલમાં ચાલુ નથી. આથી,અરજદારશ્રી ને લેખિતમાં તથા વારંવાર ટેલીફોનીક જાણ ધ્રાંગધ્રા શહેર કચેરી દ્વારા કરવામાં આવેલ છે કે, તમારી માંગણી મુજબ સવિતાબેન પૂનમચંદ રાંક નામનું સીગલ ફેઈઝ કનેકશનનું વિજ બિલ તેમજ આ કનેકશન કયારે રદ કરવામાં આવેલ છે તેની વિગત જણાવશો. જેથી, તેમાં નિયમોનુસાર જે કાંઈ આગળની કાર્યવાહી કરવાની થાય તો, તે નિયમ મુજબ કરી શકાય.

૨.૫ વિજ ગ્રાહકોને સતત અવિરત વિજ પુરવઠો પૂરો પાડવા માટે પી.જી.વી.સી.એલ, ધ્રાંગધ્રા શહેર પેટા વિભાગીય કચેરીના દરેક કર્મચારી દ્વારા દિવસ અને રાત અથાગ પ્રયત્નો કરી ટીમવર્ક સાથે સતત કામગીરી કરવામાં આવે છે અને વિજ ગ્રાહકોને પૂરતો સંતોષ મળે તેવા તમામ ન્યાયિક પ્રયત્નો કરવામાં આવે છે અને હજુ પણ જો અરજદારશ્રી ને સદર વિજ જોડાણ બાબતે કોઈપણ પ્રશ્ન હશે તો, તેનું કંપની ના નિયમ મુજબ સત્વરે નિરાકરણ કરવામાં આવશે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર સવિતાબેન પી. રાંક, ગામ–ધ્રાંગધ્રા ના સર્વે નં–૧૫૫૭ પૈકી ૫૬ ખેતીવાડી જમીનમાં ૩ ફેઈઝ ખેતીવાડી વિજ જોડાણ ધરાવે છે. આ વિજ જોડાણ ૧૯૮૩ ની સાલથી ચાલુ છે.

૩.૨ પ્રતિવાદી એ ફોરમને કરેલ રજૂઆત પ્રમાણે તેઓએ ૧૯૮૩ ની સાલમાં સીંગલ ફેઈઝ વિજ જોડાણ માટેનું અંદાજપત્ર રૂા.૧૧૦૧/– ભરેલ. પ્રતિવાદી દ્વારા સીંગલ ફેઈઝ વિજ જોડાણ ને રદ કરવામાં આવેલ અને તે વિજ જોડાણ ચાલુ કરવાની રજૂઆત કરવામાં આવેલ છે.

૩.૩ વાદીએ તેમજ પ્રતિવાદી સીંગલ ફેઈઝ વિજ જોડાણ કયારે રદ કરેલ અને કયાં સુધી ચાલુ હતુ, તેમજ તે વિજ જોડાણ નો ગ્રાહક નંબર આપી શકેલ નથી. તેથી, સીંગલ ફેઈઝ વિજ જોડાણ વાદીને આપવા અંગેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ નથી.

૩.૪ પારા નં–૩.૩ પરથી હુકમ કરવામાં આવે છે કે, જો વાદીને સીંગલ ફેઈઝ વિજ જોડાણ આપવામાં આવેલ હોઈ, તો પણ કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોઈ, તેમજ આશરે ૩૭ વર્ષ જેટલા લાંબા સમય સુધી કોઈ રજૂઆત કરેલ ન હોઈ, વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી. પરંતુ, વાદી નવા સીંગલ ફેઈઝ વિજ જોડાણ માટે અરજી કરે તો, પ્રતિવાદી એ નિયમ મુજબ વાદીને સીંગલ ફેઈઝ વિજ જોડાણ આપવું.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એલ. અજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– <u>૦૫/૧૨/૨૦૨૦.</u>

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar